# વર્લ્ડકપ 2027 પહેલા ટીમ ઈન્ડિયા નવ વન ડે સીરિઝ રમશે

**ઓસ્ટ્રેલિયા**, અફઘાનિસ્તાન, ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઇન્ડીઝ અને શ્રીલંકા સામે સીરિઝ રમશે

**ભારતીય** ટીમ 2027ના વર્લ્ડકપ સુધીમાં રમાનારી કુલ નવ વન ડે સીરિઝમાં બધી મળીને 27 વન ડે રમશે




મુંબઇ, તા. 13 : તાજેતરમાં જ સમાપ્ત થયેલી આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમ શાનદાર પ્રદર્શન કરીને ટાઇટલ જીતવામાં સફળ રહી હતી. ભારતીય ટીમ 12 વર્ષના લાંબા ગાળા પછી આઇસીસીની કોઇ વન ડે ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બની હતી. હવે આગામી વન ડે વર્લ્ડકપને ધ્યાને લેતા ભારતીય ટીમ 2026 સુધીમાં નવ વન ડે સીરિઝ રમશે. આ નવ સીરિઝમાંથી, છ ઘરઆંગણે અને ત્રણ વિદેશમાં રમશે.

ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ઘરણાંગણે રમાયેલા વન ડે વર્લ્ડકપમાં જોરદાર પ્રદર્શન કરીને ફાઇનલ સુધી પહોંચી હતી પણ અંતે તેઓ ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે હાર્યા હતા. હવે ભારતીય ટીમ માટે 50 ઓવરના ફોર્મેટમાં આગામી મોટી આઇસીસી ટુર્નામેન્ટ દક્ષિણ આફ્રિકા, નામિબિયા અને ઝિમ્બાબ્વેની યજમાની હેઠળ રમાનારો 2027નો વન ડે વર્લ્ડકપ છે.

આ વર્લ્ડકપ પહેલા ભારતીય ટીમે આ વર્ષે ઓગસ્ટથી ડિસેમ્બર 2026 સુધીમાં ત્રણ-ત્રણ મેચની કુલ નવ વનડે સીરિઝ મળીને આગામી બે વર્ષમાં કુલ 27 મેચ રમવાની છે. આ સમય દરમિયાન, ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન, ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડીઝ અને શ્રીલંકા સામે બાથ ભીડશે.

### ઓગસ્ટ 2025 : બાંગ્લાદેશ પ્રવાસ

ભારતીય ટીમ ઓગસ્ટ 2025માં બાંગ્લાદેશનો પ્રવાસ કરવાનું છે. જ્યાં બંને ટીમો વચ્ચે ત્રણ મેચની વન ડે સીરિઝ રમાશે. બાંગ્લાદેશી ટીમ હોમ પિચ પર ભારત સામે કઠિન પડકાર ઉભો કરી શકે છે. ખાસ કરીને સ્પિન-ફ્રેન્ડલી પરિસ્થિતિઓમાં.

### ઓક્ટોબર-નવેમ્બર 2025 : ઓસ્ટ્રેલિયા પ્રવાસ

બાંગ્લાદેશ પછી, ટીમ ઓક્ટોબર-નવેમ્બર 2025માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાનું છે. ક્રિકેટ પ્રેમીઓ હંમેશા ઓસ્ટ્રેલિયા સામેની મેચની આતુરતાથી રાહ જોતા હોય છે. આ બે ટીમો વચ્ચે રમાતી મેચો ઐતિહાસિક રીતે ખૂબ જ તીવ્ર સ્પર્ધાઓ હોય છે.

### નવેમ્બર-ડિસેમ્બર 2025 : દક્ષિણ આફ્રિકા ભારતના પ્રવાસે

ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછી, ભારતીય ટીમ ઘરઆંગણે દક્ષિણ આફ્રિકાનો સામનો કરશે. જ્યાં બંને ટીમો વચ્ચે ત્રણ મેચની વન ડે સીરિઝ રમાશે. ઘરઆંગણે પ્રોટીઝ સામે રમવાથી ભારતને વર્લ્ડકપ પહેલા વ્યૂહરચનાઓનું પરીક્ષણ કરવાની તક મળશે.

### જાન્યુઆરી 2026 : ન્યુઝીલેન્ડ ભારતના પ્રવાસે

ભારતીય ટીમ હાલનું વર્ષ પૂર્ણ થયા પછી નવા વર્ષની અર્થાત 2026ની શરૂઆતમાં ઘરઆંગણે ન્યુઝીલેન્ડ સામે ત્રણ મેચની વનડે સીરિઝ રમશે. જેના કારણે ભારતની વર્લ્ડ કપ તૈયારીઓમાં આ સીરિઝ મહત્વપૂર્ણ બનશે.

### જૂન 2026 : અફઘાનિસ્તાન ભારતના પ્રવાસે

ન્યૂઝીલેન્ડ પછી, ટીમ ઇન્ડિયા ઘરઆંગણે અફઘાનિસ્તાનનો સામનો કરશે. અફઘાનિસ્તાનની ટીમ તેના મજબૂત સ્પિન આક્રમણ માટે અને ખાસ કરીને ઉપખંડીય પરિસ્થિતિઓમાં એક અલગ પ્રકારનો પડકાર આપવા માટે જાણીતી છે.

### જુલાઇ 2026 : ઇંગ્લેન્ડનો પ્રવાસ

ભારતીય ટીમ જુલાઈ 2026માં ઈંગ્લેન્ડનો પ્રવાસે ત્રણ મેચની વન ડે સીરિઝ રમાશે. જ્યાં ભારતીય બેટ્સમેનોનું અંગ્રેજી પરિસ્થિતિમાં રમવું એ બેટિંગ લાઇનઅપ માટે એક મોટી કસોટી હશે.

### સપ્ટેમ્બર-ઓક્ટોબર 2026 : વેસ્ટ ઇન્ડીઝ ભારત પ્રવાસે

ભારતીય ટીમ સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનામાં વેસ્ટ ઇન્ડિઝની વનડે સીરિઝની યજમાની કરશે. પોતાના પાવર હિટર્સ માટે વિશ્વભરમાં પ્રખ્યાત કેરેબિયન ટીમ આ સમય દરમિયાન ભારતીય ટીમને કઠિન ટક્કર આપશે.

### ઓક્ટોબર-નવેમ્બર 2026 : ન્યુઝીલેન્ડ ભારત પ્રવાસે

વર્ષ 2026ના અંત ભાગે ભારતીય ટીમ ફરી એકવાર ઘરઆંગણે ન્યુઝીલેન્ડનો સામનો કરશે. 2027 વર્લ્ડકપ પહેલા બંને ટીમો માટે પોતાની ટીમોમાં સુધારો કરવાની આ એક સુવર્ણ તક હશે.

### ડિસેમ્બર 2026 : શ્રીલંકા ભારતના પ્રવાસે

ટીમ ઇન્ડિયા વર્લ્ડ કપ પહેલા શ્રીલંકા સામે હોમ ગ્રાઉન્ડ પર પોતાની છેલ્લી વનડે શ્રેણી રમશે. ઉપખંડીય હરીફાઇ હંમેશા ખેલાડીઓની નબળાઇઓ પર પ્રકાશ પાડે છે. જે વ્યૂહરચનાને સુધારવા માટે તેને એક મહત્વપૂર્ણ શ્રેણી બનાવે છે.

# ભારત ઇચ્છે તો એક જ દિવસમાં ત્રણેય ફોર્મેટમાં રમી શકે છે : મિચેલ સ્ટાર્ક

**આઇપીએલમાં** દિલ્હી કેપિટલ્સ તરફથી રમનારા ઓસ્ટ્રેલિયન ઝડપી બોલરે ભારતની બેન્ચ સ્ટ્રેન્થની પ્રશંસા કરી



નવી દિલ્હી, તા. 13 : ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર મિચેલ સ્ટાર્કે ભારતની બેન્ચ સ્ટ્રેન્થની પ્રશંસા કરી છે. સ્ટાર્કે યુટ્યુબ ચેનલ ફેનેટિક્સને ગુરુવારે આપેલા ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે મને લાગે છે કે ભારત એકમાત્ર એવો દેશ છે જે એક જ દિવસે ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટમાં, ઈંગ્લેન્ડ સામે વનડેમાં અને દક્ષિણ આફ્રિકા સામે ટી-20માં એમ ત્રણેય ફોર્મેટમાં ત્રણ ટીમો મેદાનમાં ઉતારીને દરેકને સમાન સ્પર્ધા આપી શકે છે અને ફક્ત ભારત જ આ કરી શકે છે, તેના સિવાય બીજી કોઇ ટીમ માટે તે શક્ય નથી.

સ્ટાર્ક ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) 2025ની વર્તમાન સીઝનમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમતો જોવા મળશે. દિલ્હીએ તેને મેગા ઓક્શનમાં 11.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તે ગત સિઝનના ચેમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સનો ભાગ હતો. અનમ્ય ખેલાડીઓ કોઇપણ લીગમાં રમી શકે છે પરંતુ ભારતીય ખેલાડીઓ ફક્ત આઇપીએલમાં જ રમી શકે છે. આ સંબંધે પૂછવામાં આવતા સ્ટાર્કે કહ્યું હતું કે, મને ખબર નથી કે તેમાં કોઈ ફાયદો થાય છે કે નહીં, પરંતુ અન્ય દેશોના બધા ખેલાડીઓ ફ્રેન્ચાઇઝી ક્રિકેટ રમી શકે છે પરંતુ ભારત ફક્ત આઇપીએલ રમી શકે છે. જોકે આઇપીએલ ખૂબ મોટી ટુર્નામેન્ટ છે. જેનાથી નવા ખેલાડીઓને તક મળે છે. સ્ટાર્ક પગની ઘૂંટીની ઈજાને કારણે તાજેતરની ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો હતો.

# રોહિતે નિવૃત્તિ લેવાની જરૂર નથી, તે શ્રેષ્ઠ વન ડે કેપ્ટનોમાંનો એક બનશે : એબી ડી વિલિયર્સ

**અન્ય** કેપ્ટનોની સરખામણીમાં રોહિતની જીતની ટકાવારી 74 ટકા છે જે ભૂતકાળના અન્ય કેપ્ટનો કરતા સારી છે : ડિવિલિયર્સ



નવી દિલ્હી, તા. 13 (પીટીઆઇ) : દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ બેટ્સમેન એબી ડી વિલિયર્સનું માનવું છે કે રોહિત શર્માને નિવૃત્તિ લેવાની કોઈ જરૂર નથી અને તે વનડે ક્રિકેટમાં મહાન કેપ્ટનોમાંનો એક બનશે. ચેમ્પિયન્સ ટ્રોફી પછી રોહિતના નિવૃત્તિ અંગે જોરદાર અટકળો ચાલી રહી હતી, પરંતુ 37 વર્ષીય રોહિતે ભારતને ત્રીજી વખત ટાઇટલ અપાવ્યા બાદ આ અટકળોને ફગાવી દીધી હતી.

ડી વિલિયર્સે પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું હતું કે અન્ય કેપ્ટનોની સરખામણીમાં રોહિતની જીતની ટકાવારી જુઓ, તે લગભગ 74 ટકા છે જે ભૂતકાળના અન્ય કેપ્ટનો કરતા સારી છે. તેણે કહ્યું હતું કે જો તે રમવાનું ચાલુ રાખશે, તો તે સર્વકાલીન શ્રેષ્ઠ વન ડે કેપ્ટનોમાંનો એક બનશે. તેણે કહ્યું હતું કે તેણે નિવૃત્તિ શા માટે લેવી જોઈએ? તેનો રેકોર્ડ ફક્ત કેપ્ટન તરીકે જ નહીં પણ બેટ્સમેન તરીકે પણ ઉત્તમ છે. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં તેણે 76 રન બનાવીને ભારતને શાનદાર શરૂઆત અપાવી અને જીતનો પાયો નાખ્યો હતો. જ્યારે દબાણ ચરમસીમાએ હતું ત્યારે તેણે આગળ આવીને નેતૃત્વ કર્યું હતું.

ડી વિલિયર્સે કહ્યું હતું કે રોહિત શર્માને નિવૃત્તિ લેવાની કોઈ જરૂર નથી." તેને કોઈ ટીકા સાંભળવાની પણ જરૂર નથી. તેનો રેકોર્ડ તેના માટે બોલે છે. તેણે પોતાની રમત પણ બદલી નાખી છે.

પાવરપ્લેમાં ઓપનર તરીકે તેનો સ્ટ્રાઇક રેટ એટલો ઊંચો નહોતો પણ 2022થી, તે પહેલા પાવરપ્લેમાં 115 થઈ ગયો છે. મહાન અને સારા વચ્ચેનો આ જ તફાવત છે.

# બાંગ્લાદેશી ક્રિકેટર મહમુદુલ્લાહની ઇન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા

**વનડેમાં** સૌથી વધુ રન બનાવનાર ચોથો બાંગ્લાદેશી બેટ્સમેન મહમુદુલ્લા ટેસ્ટ અને ટી-20ને પહેલાથી અલવિદા કહી ચૂક્યો હતો



ઢાકા, તા. 13 : બાંગ્લાદેશી ઓલરાઉન્ડર મહમુદુલ્લાહે ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. ગઇકાલે બુધવારે, મહમુદુલ્લાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર નિવૃત્તિની જાહેરાત કરી હતી. ૩૯ વર્ષીય મહમુદુલ્લાહ 2021માં ટેસ્ટ અને 2024માં ટી૨૦માંથી નિવૃત્તિ લઇ ચૂક્યા છે. તેણે ત્રણેય ફોર્મેટ મળીને કુલ 430 ઇન્ટરનેશનલ મેચ રમી હતી.

મહમુદુલ્લાહ બાંગ્લાદેશ તરફથી વનડેમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓમાં ચોથા ક્રમે છે. તેણે 36.46ની સરેરાશથી 5689 રન બનાવ્યા, જેમાં ચાર સદી અને 32 અડધી સદીનો સમાવેશ થાય છે. બાંગ્લાદેશ માટે વનડેમાં મુશફિકુર રહીમ, શાકિબ અલ હસન અને તમીમ ઇકબાલે મહમુદુલ્લાહ કરતા વધુ રન બનાવ્યા છે. મહમુદુલ્લાહે પોતાની પોસ્ટ પર લખ્યું હતું કે મેં ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. હું મારા બધા સાથી ખેલાડીઓ, કોચ અને ખાસ કરીને મારા ચાહકોનો આભાર માનું છું જેમણે હંમેશા મને ટેકો આપ્યો છે. મારા ભાઈ ઇમદાદ ઉલ્લાહનો ખૂબ ખૂબ આભાર, જે બાળપણથી જ મારા કોચ અને માર્ગદર્શક તરીકે મારી સાથે રહ્યા છે.

**મહમુદુલ્લાની ક્રિકેટ કેરિયર આંકડાની નજરે**

| ફોર્મેટ | મેચ | રન | શ્રેષ્ઠ | એવરેજ | સ્ટ્રાઇક રેટ | 100 | 50 | કેચ |
|---|---|---|---|---|---|---|---|---|
| ટેસ્ટ | 50 | 2914 | 150* | 33.49 | 53.40 | 5 | 16 | 38 |
| વન ડે | 239 | 5689 | 128* | 36.46 | 77.64 | 4 | 32 | 82 |
| ટી-20I | 141 | 2444 | 64* | 23.50 | 117.38 | 0 | 8 | 51 |
| ફર્સ્ટક્લાસ | 114 | 6557 | 152 | 35.63 | - | 14 | 32 | 98 |
| લિસ્ટ-એ | 367 | 9845 | 130 | 37.29 | - | 8 | 61 | 138 |
| ટી-20s | 346 | 6230 | 73 | 25.22 | 120.40 | 0 | 25 | 142 |

**બોલિંગ**

| ફોર્મેટ | મેચ | વિકેટ | શ્રેષ્ઠ | મેચમાં શ્રેષ્ઠ | ઇકોનોમી | સ્ટ્રાઇક રેટ | 5w | 10w |
|---|---|---|---|---|---|---|---|---|
| ટેસ્ટ | 50 | 43 | 5/51 | 8/110 | 3.43 | 79.6 | 1 | 0 |
| વન ડે | 239 | 82 | 3/4 | 3/4 | 5.21 | 53.4 | 0 | 0 |
| ટી-20I | 141 | 41 | 3/10 | 3/10 | 7.16 | 23.1 | 0 | 0 |
| ફર્સ્ટક્લાસ | 114 | 143 | 7/94 | - | 3.30 | 63.7 | 3 | 1 |
| લિસ્ટ-એ | 367 | 177 | 5/66 | 5/66 | 4.93 | 46.6 | 1 | 0 |
| ટી-20s | 346 | 135 | 3/6 | 3/6 | 7.07 | 21.4 | 0 | 0 |



# ઇજાગ્રસ્ત મુખ્ય કોચ રાહુલ દ્રવિડ કાંખઘોડીની મદદથી રાજસ્થાન રોયલ્સ કેમ્પમાં પહોંચ્યો

**ગોલ્ફ** કાર્ટ પર રાજસ્થાન રોયલ્સના કેમ્પમાં પહોંચીને દ્રવિડે સમગ્ર નેટ સેશન ધ્યાનથી નિહાળ્યું

જયપુર, તા. 13 (પીટીઆઇ) : સ્થાનિક લીગ મેચ રમતી વખતે ઘાયલ થયેલો ભારતનો માજી દિગ્ગજ બેટ્સમેન અને રાજસ્થાન રોયલ્સનો મુખ્ય કોચ રાહુલ દ્રવિડ કાંખઘોડીના સહારે તેમની ફ્રેન્ચાઇઝી ટીમના પ્રી-આઈપીએલ પ્રેક્ટિસ સેશનમાં પહોંચ્યો હતો.

ટીમે તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં દ્રવિડ ગોલ્ફ કાર્ટ પર રોયલ્સ કેમ્પમાં પહોંચ્યો હતો અને ચાલવા માટે કાંખઘોડીનો ઉપયોગ કરતો હતો. ઘાયલ હોવા છતાં દ્રવિડે સત્રમાં ભાગ લીધો. તેણે ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા અને યુવા ખેલાડીઓ રિયાન પરાગ અને યશસ્વી જયસ્વાલ સાથે વાત કરતો જોવા મળ્યો હતો. હાથમાં કાંખઘોડી સાથે, દ્રવિડે આખા સત્રને નજીકથી જોયું હતું. આ પહેલા રાજસ્થાન રોયલ્સે ગઇકાલે બુધવારે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે, હેડ કોચ રાહુલ દ્રવિડ બેંગલુરુમાં ક્રિકેટ રમતી વખતે ઘાયલ થયા હતા. તે ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને જયપુરમાં ટીમ સાથે જોડાશે. ગયા અઠવાડિયે કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશન ગ્રુપ વન ડિવિઝન ટુ સેમિફાઇનલમાં વિજયા ક્રિકેટ ક્લબ તરફથી જયનગર ક્રિકેટર્સ સામે રમતી વખતે દ્રવિડને ઈજા થઈ હતી.

# સાત્વિક-ચિરાગની જોડી ઓલ ઇંગ્લેન્ડના બીજા રાઉન્ડમાં પહોંચી

બર્મિંઘમ, તા. 13 (પીટીઆઇ) સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડી ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપની પુરુષ ડબલ્સના બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. ગયા મહિને પિતાના અવસાન પછી કોર્ટ પર પાછા ફરેલા સાત્વિકે તેના ડબલ્સ પાર્ટનર ચિરાગ સાથે કોર્ટમાં વાપસી કરીને શાનદાર પ્રદર્શન કરીને 40 મિનિટ ચાલેલા મુકાબલામાં ડેનમાર્કના ડેનિયલ લુંડગાર્ડ અને મેડ્સ વેસ્ટરગાર્ડને 21-17, 21-15થી હરાવ્યા હતા. હવે તેમનો મુકાબલો ચીનના હાઓ નાન શી અને વેઈ હાન ઝેંગ સામે થશે.



# ટીકા બાદ PCBએ રાષ્ટ્રીય ટી-20 ચેમ્પિયનશિપમાં ખેલાડીઓની મેચ ફીમાં સુધારો કર્યો

**પીસીબી** અધ્યક્ષ મોહસીન નકવીએ મેચ ફીમાં ઘટાડો કરવાના નિર્ણયની સમીક્ષા કરવાનો આદેશ આપ્યો હતો

**ખેલાડી** અને રિઝર્વ માટેની મેચ ફી ઘટાડીને 10,000 અને 5000 કરાયા પછી હવે સુધારીને 40,000 અને 20,000 કરી દેવાઇ

કરાચી, તા. 13 (પીટીઆઇ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ પગાર ઘટાડવાના નિર્ણયની આકરી ટીકા થયા પછી ગુરુવારે રાષ્ટ્રીય ટી-20 ચેમ્પિયનશિપ માટે ખેલાડીઓની મેચ ફીમાં વધારો કર્યો છે. પીસીબીએ અગાઉ ખેલાડીઓ અને રિઝર્વ માટે મેચ ફી ઘટાડીને અનુક્રમે પાકિસ્તાની રૂપિયા 10.000 અને રૂપિયા 5,000 કરી હતી, જે અંગે ટીકા થતાં તેના ચેરમેન મોહસીન નકવીએ નિર્ણયની સમીક્ષા કરવાનો આદેશ જારી કર્યો હતો. આ મામલે વ્યાપક ટીકા થયા બાદ મુશ્કેલીમાં મુકાયેલા પીસીબીએ હવે ખેલાડીઓની મેચ ફી વધારીને 40,000 રૂપિયા અને રિઝર્વ ખેલાડીઓની મેચ ફી 20,000 રૂપિયા કરી દીધી છે.

પીસીબીના સ્થાનિક વિભાગ દ્વારા ખેલાડીઓની મેચ ફી ઘટાડવાના નિર્ણયથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. સ્થાનિક ક્રિકેટ વિભાગના આ નિર્ણયથી ક્રિકેટ ચાહકો અને ટીકાકારોને આશ્ચર્ય થયું કે શું બોર્ડ કોઈ નાણાકીય કટોકટીનો સામનો કરી રહ્યું છે. બોર્ડે અગાઉ માત્ર એક દિવસની રમત પછી રાષ્ટ્રીય અંડર-19 ચેમ્પિયનશિપ અચાનક બંધ કરી દીધા બાદ પાકિસ્તાનના સ્થાનિક ક્રિકેટ શેડ્યૂલ અને માળખા પર ચર્ચા થઈ રહી છે.અંડર-19 ક્રિકેટ ટુર્નામેન્ટમાં વધુ ઉંમરના ખેલાડીઓની પસંદગી અને અન્ય મુદ્દાઓ અંગેની ફરિયાદો બાદ નકવીના આદેશ પર આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પીસીબીના સૂત્રોનો દાવો કર્યો હતો કે આ સિઝનમાં ઘરેલુ ક્રિકેટમાં ટુર્નામેન્ટમાં વધારો થવાને કારણે ખર્ચમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ ટુર્નામેન્ટ્સનો અગાઉ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

## બાબર આઝમે પાકિસ્તાનની નેશનલ ટિ-20 ચેમ્પિયનશિપમાંથી નામ પાછું ખેંચ્યું

કરાચી, તા.13 : ન્યુઝીલેન્ડમાં આગામી સીરિઝ માટે પાકિસ્તાનની ટી-20 ટીમમાંથી બહાર કરાયેલા માજી કેપ્ટન બાબર આઝમે રાષ્ટ્રીય ટી-20 ચેમ્પિયનશિપમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. 16 માર્ચથી ક્રાઇસ્ટચર્ચમાં શરૂ થનારી પાંચ મેચની ટી-20 સીરિઝ માટે બાબર, મહંમદ રિઝવાન અને ઝડપી બોલર નસીમ શાહની ટીમમાં પસંદગી કરવામાં આવી નથી. જોકે, આ ત્રણ ખેલાડીઓને વન ડે ટીમમાં જાળવી રખાયા છે. ટીમની જાહેરાત કરતી વખતે, પીસીબીએ સંકેત આપ્યો હતો કે કેન્દ્રીય કરાર ધરાવતા ખેલાડીઓ બાબર, રિઝવાન, નસીમ આ અઠવાડિયે ફૈસલાબાદમાં શરૂ થનારી રાષ્ટ્રીય ટી-20 માં ભાગ લેશે. જોકે, બાબર અને નસીમે વર્કલોડ મેનેજમેન્ટ અને આગામી આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને ટાંકીને રાષ્ટ્રીય ટી-20 ટુર્નામેન્ટમાંથી નામ પાછું ખેંચી લીધું છે. પીસીબીના એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યું હતું કે પાકિસ્તાન સુપર લીગ એપ્રિલના મધ્યમાં શરૂ થવાની છે.

# ઓસ્ટ્રેલિયાનો માજી સ્પિનર સ્ટુઅર્ટ મેકગિલ કોકેઈન કેસમાં દોષિત

**કોકેઇન** ડીલમાં સંડોવણી બદલ દોષિ પણ મોટાપાયે ડ્રગ્સ સપ્લાય મામલે નિર્દોષ

**કોકેઇન** કેસમાં દોષિ ઠરેલા મેકગીલને આઠ અઠવાડિયા પછી સજા સંભળાવાશે

સિડની, તા. 13 (પીટીઆઇ) : ઓસ્ટ્રેલિયાના માજી સ્પિનર સ્ટુઅર્ટ મેકગિલને કોકેઈનના ડીલ માં સંડોવણીનો દોષી ઠેરવવામાં આવ્યો છે પરંતુ મોટા પાયે ડ્રગ્સના સપ્લાયમાં સંડોવણી બદલ તેમને ક્લીનચીટ આપવામાં આવી છે.

54 વર્ષીય માજી લેગ-સ્પિનરને એપ્રિલ 2021માં 330000 ઓસ્ટ્રેલિયન ડોલરના એક કિલો કોકેઈન સોદામાં સંડોવણીમાંથી સિડની ડિસ્ટ્રિક્ટ કોર્ટની જ્યુરી દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. જોકે, તેને ડ્રગ સપ્લાયમાં સામેલ હોવાનો દોષી ઠેરવવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયન મીડિયાના અહેવાલો અનુસાર, ચુકાદો જાહેર થયો ત્યારે મેકગિલના ચહેરા પર બહુ હાવભાવ નહોતા. તેને આઠ અઠવાડિયા પછી સજા સંભળાવવામાં આવશે.

કોર્ટને કહેવામાં આવ્યું હતું કે મેકગિલે સિડનીમાં તેના રેસ્ટોરન્ટમાં તેના નિયમિત ડ્રગ ડીલરનો તેના નજીકના સંબંધી મેરિનોસ સોટિરોપોલોસ સાથે પરિચય કરાવ્યો હતો. મેકગિલે કહ્યું હતું કે તેને આ સોદાની જાણ નહોતી, પરંતુ ફરિયાદીઓએ દાવો કર્યો હતો કે તેની સંડોવણી વિના આ સોદો શક્ય ન હોત.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ઇસરોએ SpaDeX...

જોડ્યા હતા. ઈસરોએ હવે ૧૩ માર્ચ, ૨૦૨૫ ના રોજ સવારે ૯:૨૦ વાગ્યે (ISD) પહેલા જ પ્રયાસમાં સ્પડેક્સ ઉપગ્રહોને એક બીજાથી છૂટા પાડવાનું મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કર્યું છે એમ ઈસરોએ એક નિવેદનમાં જણાવ્યું હતું. અવકાશ એજન્સીએ સમજાવ્યું હતું કે ઉપગ્રહોનું અનડોકિંગ 460 કિમી ગોળાકાર ભ્રમણકક્ષામાં 45-ડિગ્રી ઝોક સાથે થયું હતું. તેણે ઉમેર્યું હતું કે ઉપગ્રહો હવે સ્વતંત્ર રીતે ભ્રમણકક્ષામાં ફરે છે અને તેમનું સ્વાસ્થ્ય સામાન્ય છે. આ સાથે, ISRO એ હવે ગોળાકાર ભ્રમણકક્ષામાં ભેટવાની પ્રકિયા, ડોકીંગ અને અનડોકીંગ કામગીરી માટે જરૂરી બધી ક્ષમતાઓ સફળતાપૂર્વક કરી બતાવી છે.

### ૨૦૦૦ કરોડ...

જરૂરિયાત કરતાં લગભગ ત્રણગણું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બંને નેતાઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની મંજૂરી આપી છે. મનીષ સિસોદિયા પર એક્સાઇઝ પોલિસી કૌભાંડનો અને સત્યેન્દ્ર જૈન પર મની લોન્ડરિંગનો આરોપ છે. બંને હાલમાં જામીન પર બહાર છે.

### રૂપિયાનો લોગો...

ધારાસભ્ય છે. આ મુદ્દાઓ પર વિપક્ષ તેમને બરાબર ભીંસમાં લઇ શકે છે. અને કેટલાક વિશ્લેષકો માને છે કે આ સિમ્બોલ બદલીને સ્ટાલિને રાજકીય ભૂલ કરી નાખી છે.

### રૂપિયાના પ્રતિકના...

સરકાર પર છે. મારે આમાં કશું કહેવાનું નથી એમ કુમારે પીટીઆઇને કહ્યુ હતું. તેઓ આઇઆઇટી બોમ્બેમાં ભણ્યા છે અને આસામની આઇઆઇટી ગુવાહાટીમાં ભણાવે છે. કુમારના પિતા એન. ધર્મલિંગમ ૧૯૭૧માં ડીએમકેના એક ધારાસભ્ય હતા. મારા પિતા હું જન્મ્યો તે પહેલા ધારાસભ્ય હતા. હવે તેઓ અમારા ગામમાં શાંતિપૂર્વક રહે છે એમ કુમારે કહ્યું હતું.

### ભાષા વિવાદ:...

આ પગલું નવી શિક્ષણ નીતિને સ્વીકારવાના તમિલનાડુ સરકારના ઈન્કાર પછી જાગેલા રાજકીય તોફાન પછી આવ્યું છે જ્યારે જેમાં મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને કેન્દ્ર સરકાર પર તેમના રાજ્ય પર હિન્દી થોપવાના પ્રયાસો કરતી હોવાનો આક્ષેપ કર્યો છે અને દાવો કર્યો છે કે નવી શિક્ષણ નીતિ એ હિન્દીને પ્રોત્સાહન અને વિકાસનો હેતુ ધરાવે છે અને નહીં કે રાષ્ટ્રના વિકાસનો. ડીએમકેએ એમ પણ ભારપૂર્વક જણાવ્યું છે કે તમિલનાડુ બ્રિટિશ સંસ્થાનવાવદને સ્થાને હિન્દી સંસ્થાનવાદ ચલાવશે નહીં, જ્યારે કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર પર આક્ષેપ કર્યો છે કે તે અપ્રમાણિક છે અને રાજકારણને ખાતર રાજ્યના વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગાડી રહી છે.

તમિલનાડુ રાજ્યના બજેટ માટેના રૂપિયાનો લોગો રાજ્ય સરકારે આજે ગુરુવારે જાહેર કર્યો હતો જેમાં ભારતીય ચલણ માટેના તમિલ શબ્દ રૂબાઈ માટેનો પહેલો અક્ષર રૂ બતાવવામાં આવ્યો છે. લોગોની સાથે બધા માટે બધુનું કેપ્શન પણ મૂકવામાં આવ્યું છે જે શાસક ડીએમકે સરકારના સર્વસમાવેશક મોડેલની ખાતરી આપે છે. તમિલનાડુના નાણા મંત્રી થંગમ થેન્નાસારુ શુક્રવારે બજેટ રજૂ કરવાનો કાર્યક્રમ ધરાવે છે.

આ પ્રતીક પરિવર્તનથી રાજકીય વિવાદ ઉભો થઈ ગયો છે. ભાજપના નેતાઓએ ડીએમકે પર પ્રહારો કર્યા, અને શાસક પક્ષના સભ્યોએ પૂછ્યું કે શું કોઈ નિયમ આવા ચિત્રણ પર પ્રતિબંધ મૂકે છે? ડીએમકેના ધારાસભ્ય એઝિલન નાગનાથને આ પગલાને યોગ્ય ઠેરવ્યું અને કહ્યું કે માતૃભાષાનો ઉપયોગ કરવામાં કંઈ ખોટું નથી. સ્ટાલિન સરકારના પગલાની ટીકા કરતા, ભાજપ તામિલનાડુના વડા કે અન્નામલાઈએ મુખ્યમંત્રીને પૂછ્યું કે તેઓ આવું કરવા જેટલા મૂર્ખ હોઈ શકે છે? એક તમિલિયન દ્વારા ડીઝાઇન કરવામાં આવેલ રૂપિયાના સિમ્બોલને આખા દેશે સ્વીકાર્યો છે. આ સિમ્બોલ તૈયાર કરનાર ઉદય કુમાર ડીએમકેના જ એક ભૂતપૂર્વ ધારાસભ્યનો પુત્ર છે. તમે કેટલી હદે મૂર્ખ થઇ શકો બંધુ સ્ટાલિન? એમ તેમણે એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં પૂછ્યું હતું. આના જવાબમાં ડીએમકેના પ્રવકતા શ્રાવનન અન્નાદુરાઈએ કહ્યું હતું કે કોઇ કાયદો તમિલમાં રૂ લખવાની મનાઇ કરતો નથી કે વિરોધ કરતો નથી. જ્યારે સ્થાનિક વિપક્ષ અન્નાડીએમકેના વરિષ્ઠ નેતા ડી. જયકુમારે આને ડીએમકે સરકારનું લોકોનું ધ્યાન બીજે દોરવા માટેનું નાટક ગણાવ્યું હતું.

### દિલ્હી ડાયરી...

તુચ્છ મુદ્દાઓ અને આધારો પર ઉછાળવામાં આવે છે, તે ક્યારેક સુપ્રીમ કોર્ટમાં ચર્ચાનો વિષય બને છે. જોકે, મોટા ભાગના ન્યાયાધીશો આવા મુદ્દાઓને કુશળતાપૂર્વક અને નક્કર કારણો આપીને ચતુરાઈથી હેન્ડલ કરે છે. આવું જ હોવું જોઈએ.